# 18મી લોકસભાનું પ્રથમ સત્ર : સંસદભવનની નવી ટેક્નોલોજી

**18મી લોકસભાનું પ્રથમ સત્ર નવા બનેલા લોકસભા ભવનમાં યોજાયું. એ દરમિયાન નવી સંસદભવનની નવી ટેક્નોલોજીએ ધ્યાન ખેંચ્યું હતું. વૉટિંગથી લઈને સલામતી સુધીની બાબતોમાં ટેક્નોલોજી મદદે આવી રહી છે**



લોકસભા બની તે પછી પ્રથમ સત્ર યોજાયું. આ સત્ર નવા સંસદભવનમાં મળ્યું છે. 24મીથી 27મી જુલાઈ દરમિયાન નવા સંસદભવનમાં વિવિધ મુદ્દે ચર્ચા-વિચારણા થશે. આજે મીડટર્મ બજેટ પણ રજૂ થઈ રહ્યું છે ત્યારે સંસદભવનની નવી ટેકનોલોજી વિશે થોડું જાણવા જેવું છે.


સંસદભવન પર અગાઉ આતંકવાદી હુમલા થયા હતા. તે પછી જ સુરક્ષાવ્યવસ્થા અભૂતપૂર્વ કરવામાં આવી હતી. સંસદભવનના જૂના બિલ્ડિંગમાં પણ સુરક્ષા વ્યવસ્થામાં ટેકનોલોજી મદદે આવતી હતી પરંતુ નવી ઈમારતના બાંધકામથી લઈને સાંસદોની વ્યવસ્થા માટે અદ્યતન ટેકનોલોજી વપરાઈ છે.

લોકસભા-રાજ્યસભાના સાંસદો માટે ખાસ સુવિધાજનક વ્યવસ્થા કરવામાં આવી છે ને સાથે સાથે સંસદભવનમાં કાર્યરત અધિકારીઓ-કર્મચારીઓ માટેય અદ્યતન ટેકનોલોજી પ્રયોજવામાં આવી છે. તેનાથી અધિકારીઓનું કામ વધુ સરળ બન્યું છે. નવી ટેકનોલોજીથી સંસદીય કામગીરીમાં પણ સરળતા આવી છે. તેનાથી સમયની બચત થશે. ઓછા સમયમાં વધુ મહત્ત્વનાં કામ થશે. ખાસ તો વિવિધ બિલો પસાર થાય ત્યારે વૉટિંગમાં પહેલાંની સરખામણીએ વધુ સુગમતા અને ઝડપ આવી છે.

ચાર માળની આ ઈમારત સુરક્ષાની દૃષ્ટિએ ખૂબ જ સલામત છે. સુરક્ષાવ્યવસ્થામાં ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ કરવામાં આવ્યો છે. નવા સંસદભવનમાં કુલ છ દરવાજા છે. એમાંથી અશ્વ, ગજ અને ગરૂડ દરવાજામાંથી સ્પીકર, ઉપરાષ્ટ્રપતિ અને વડાપ્રધાનને જ એન્ટ્રી આપવામાં આવે છે. એ ગેટ પર તેમની ઓનલાઈન ઓળખ થાય છે અને એ પછી જ એન્ટ્રી મળે છે. એ સિવાયના ત્રણ પ્રવેશદ્વાર - મકર, શાર્દૂલ અને હંસના માધ્યમથી સાંસદો, નાગરિકો, પત્રકારોને પ્રવેશ અપાય છે. બધાં પ્રવેશદ્વારમાં હાઈટેક સેન્સર્સ લગાવાયાં છે અને એમાંથી નીકળતાથી સાથે જ મેટલ સહિતનું સ્કેનિંગ થઈ જાય છે. આવનારા અને જનારાઓની ફેસ રિકગ્નિશન ટેકનોલોજીથી ઓળખ થાય છે. તે ઉપરાંત એક ડિજિટલ ઓળખકાર્ડ બનાવાયું છે, એ સ્કેન કરવાથી પણ સાંસદનું નામ, તેમની બેઠક વગેરેની માહિતી સુરક્ષા અધિકારીને મળી જાય છે. એ ઓળખકાર્ડમાં સાંસદની હાજરીના દિવસો વગેરે પણ ઉમેરાયા છે. ટૂંકમાં, કાર્ડ સ્કેન કરવાથી આખો પોર્ટફોલિયો મળી જાય છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ સ્માર્ટકાર્ડના ડેટાને અનક્રિપ્ટેડ રખાયા છે. સેન્ટર ફોર એડવાન્સ કમ્પ્યુટિંગ દ્વારા આ કાર્ડ તૈયાર કરાયા છે. તેનો ડેટા બધા વાંચી શકતા નથી. કોડવર્ડના આધારે જ ખાસ જેમને એક્સેસ મળ્યો છે તેમને જ વિગતો મળે છે.

કેફે, અલગ અલગ ઓફિસ, વિવિધ કોન્ફરન્સ રૂમ્સમાં પણ એવી જ સ્કેનિંગની સુવિધા છે અને





દરવાજાથી લઈને તમામ સ્થળોએ શક્તિશાળી સેન્સર્સ લાગેલાં છે. એ તમામ સ્થળોએ વાઈ-ફાઈની સુવિધા મળે છે. કેફેનું મેન્યૂ સાંસદોને અને અધિકારીઓને કોઈ ફાઈવ-સ્ટાર હોટેલમાં મળે છે એમ ઓનલાઈન મળી રહે છે અને બ્રેક પહેલાં ફૂડ-કોફી-ચાનો ઓનલાઈન ઓર્ડર થઈ શકે છે.

લોકસભા-રાજ્યસભાનું મુખ્ય કામ વિવિધ મુદ્દે ચર્ચા-વિચારણા કરવાનું, જુદા જુદા ખરડા અંગે વૉટિંગ કરવાનું, વિભિન્ન બાબતોના સવાલ પૂછવાના અને એના જવાબો મેળવવાનું છે. આ કામકાજ આસાન બને તે માટે ટેકનોલોજી મદદે આવે છે. આપણે તાજેતરના લોકસભા સત્રમાં જોયું કે વૉટિંગ માટે દરેક સાંસદને સીટ પર જ બાયોમેટ્રિક વૉટિંગની સવલત મળે છે. એ ટેકનોલોજી પ્રમાણે માત્ર આંગળી સ્કેન કરીને જેતે મુદ્દે સાંસદ તરફેણમાં કે વિરૂદ્ધમાં મતદાન કરી શકે છે. સાંસદોની હાજરી ડિજિટલ ડિવાઈસથી પુરાય છે. તેમના આવવા-જવાનો સમય સ્કેનિંગ સિસ્ટમમાં નોંધાય છે. સાંસદો કેટલા કલાક ગૃહમાં હાજર રહ્યાં, કેટલા કલાકો ગૃહ ચાલતું હોય ત્યારે બહાર ગયા અને કયા ટોપિકમાં ચર્ચા કરવાનું ટાળ્યું છે એ તમામનો ડેટા વ્યવસ્થિત સચવાતો હોવાથી તે પાર્ટીને પણ પોતાના સાંસદોની ગતિવિધિની જાણ રહે છે. પરિણામે સાંસદોની ગૃહમાં એવરેજ હાજરીનું વિશ્લેષણ કરવાનું સરળ બન્યું છે.

સાંસદોને હેડફોન પહેરતા આપણે જોઈએ છીએ. જૂના સંસદભવનમાં હેડફોન અને માઈક્રોફોનની સુવિધા હતી પરંતુ નવા સંસદભવનમાં આ સુવિધા વધુ આધુનિક બની છે. દરેક સાંસદને હેડફોનમાં વોલ્યુમ કંટ્રોલ કરવાની સવલત આપવા ઉપરાંત બેઠકમાં હાજર તમામ સભ્યોનો અવાજ વધુ ક્લિયર કરવાની સગવડ મળી છે એટલે કે નોઈસ કંટ્રોલ થઈ શકે છે. જે સાંસદનું ભાષણ ચાલતું હોય ત્યારે એ મુદ્દે અન્ય સાંસદો હોબાળો મચાવે કે શોર કરે ત્યારે જો સ્પીકર એમ કહે કે તમે તમારી વાત ચાલુ રાખો - તો એ સાંસદ અન્યનો અવાજ કંટ્રોલ કરી શકે છે એટલે બોલવામાં ખાસ વાંધો આવતો નથી.

**સ્ક્રોલિંગ**

★ હરિત મુનશી

વળી, લેંગ્વેજ ઈન્ટરપ્રિટેશન ટેકનોલોજી પણ ઉપલબ્ધ છે. 22 માન્ય ભાષામાં ભાષણોનો અનુવાદ થઈ રહ્યો છે. સાંસદો અલગ અલગ રાજ્યની જુદી-જુદી ભાષા જાણતા હોય પરંતુ ઘણી વખત અંગ્રેજી-હિન્દીના અમુક શબ્દોનો અર્થ તેમને સમજાતો ન હોય. એવા કિસ્સામાં અનુવાદની ટેકનોલોજી મદદે આવી રહી છે. સાંસદો સ્પીકરની વાત પોતાની ભાષામાં સાંભળી શકશે. આ બહુ મહત્ત્વનું છે કારણ કે સ્પીકર હિન્દીમાં બોલે ત્યારે દક્ષિણનાં રાજ્યોના સાંસદો અને પૂર્વોત્તરના સાંસદોને ભાષાની મુશ્કેલી પડે છે. એ જ રીતે અંગ્રેજીમાં બોલે ત્યારે હિન્દી બેલ્ટના સાંસદોમાંથી ઘણાને અમુક સંસદીય શબ્દો સમજવામાં અવરોધ આવે છે. આવા કિસ્સામાં આ અનુવાદની ટેકનોલોજી મદદે આવી રહી છે. પહેલાં આ ટેકનોલોજી હતી પરંતુ એમાં સમય લાગતો હતો. હવે એના માટે અમુક મિનિટ સુધી રાહ જોવાની જરૂર નહીં પડે. આ ટેકનોલોજી સાંસદો માટે દુભાષિયાની ગરજ સારી રહી છે.

ડિજિટલ સંસદ એપ આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સની મદદથી વિકસાવાઈ છે. એમાં રિઅલ ટાઈમ ટ્રાન્સક્રિપ્શન થઈ રહ્યું છે. સાંસદ કે સ્પીકર બોલે કે તુરંત એ ભાષણ જેતે ભાષામાં લખાઈ જાય છે. ઓટોમેટિક સ્પીચ રિકગ્નિશનની AI સજ્જ APP બધા જ શબ્દો નોંધતી રહે છે.. અત્યાર સુધી આ કામ મેન્યુઅલી થતું હતું અને સમય લાગતો હતો. તેના બદલે ભાષણનું ટ્રાન્સક્રિપ્શન કરવામાં ઝડપ આવી છે. સંસદભવનમાં કાર્યરત સ્ટાફને તેનાથી મોટી રાહત મળી છે.

આ ટેકનોલોજીથી સંસદમાં થયેલી કાર્યવાહી, બોલાયેલા શબ્દોને શોધવાનું સરળ બન્યું છે. તુરંત સવાલ-જવાબ સહિતની વિગતો પોર્ટલમાં ઉપલબ્ધ બની જાય છે. અત્યાર સુધી પોર્ટલમાં સવાલ-જવાબ એ જ દિવસે ઓનલાઈન કરી દેવાતા હતા પરંતુ હવે ચંદ મિનિટોમાં સંસદગૃહમાં કોઈ સાંસદે સવાલ કર્યો હોય અને તેનો જવાબ મળ્યો હોય પછી 10-20 મિનિટમાં એ ઓનલાઈન થઈ જાય છે.

નવી ટેકનોલોજીથી સંસદના બંને ગૃહોમાં કામગીરી પેપરલેસ બની છે. સાંસદોને કાઉન્ટર સવાલો કરવા હોય તો તેમને અપાયેલા વાઈ-ફાઈથી સજ્જ ટેબની નોટમાં લખી શકે છે. સાંસદો ટાઈપ કરવાને બદલે વોઈસ કમાન્ડથી પણ પોતાનું ભાષણ તૈયાર કરી શકે છે. એ ભાષણના શબ્દોના આધારે સાંસદોને બ્રિફિંગ મળે છે કે તેમનું ભાષણ કેટલી મિનિટ ચાલશે. એનાથી ફાયદો એ થશે કે તેમને ભાષણમાં ઉમેરો કરવાની કે ઘટાડો કરવાની સરળતા વધી છે.

સંસદભવનમાં તૈનાત સુરક્ષાજવાનોનો પણ ઓનલાઈન પોર્ટફોલિયો તૈયાર થયો છે. સંસદભવન પહેલાં સુરક્ષા અધિકારીની ડ્યૂટી ક્યાં હતી અને એમાં શું રિમાર્ક મળ્યા છે તેમ જ રેકોર્ડ કેવો રહ્યો છે એ બધી જ માહિતી ઓનલાઈન ડેટાબેઝમાં મળે છે. જો કે એનો એક્સેસ માત્ર ઓથોરાઈઝ અધિકારીઓને જ આપવામાં આવ્યો છે.

આમ, નવા સંસદભવનમાં ભારતની લોકશાહીની પરંપરા સાથે ટેકનોલોજીનો અજબ સંયોગ રચાયો છે. સંસદભવન હાઈટેક થયું હોવાથી કાર્યક્ષમતા વધશે.